અબુ ધાબીથી નીકળેલું ઓઇલ ટેન્કર દહેજ બંદર તરફ રવાના

હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ: ઈરાને જહાજો પર ચેતવણીરૂપ ગોળીબાર કર્યો

ભરૂચ: હોર્મુઝ સ્ટ્રેટમાં અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ વધી રહ્યો છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે સોમવારે સવારે બે જહાજ પર ચેતવણીરૂપ ગોળીબાર કર્યો હતો. રાજ્ય ટેલિવિઝનના અહેવાલ મુજબ આ જહાજો કથિત રીતે ગેરકાયદે રીતે સ્ટ્રેટ પાર કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ઈરાને તેમને અટકાવી દીધાં છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે તેહરાન અને વોશિંગ્ટન વચ્ચે વ્યૂહાત્મક દરિયાઈ માર્ગના નિયંત્રણને લઈને તીવ્ર દ્વંદ્વ ચાલી રહ્યું છે.

કેપ્લરના ડેટા અનુસાર અબુ ધાબી નેશનલ ઓઇલ કંપની દ્વારા નિયંત્રિત એક ટેન્કર 10 જુલાઈ અને 12 જુલાઈની વચ્ચે સ્ટ્રેટમાંથી બહાર નીકળી ગયું છે. આ જહાજ ગુજરાતના દહેજ બંદર તરફ જઈ રહ્યું છે. દહેજ ભરૂચ જિલ્લાનું એક મહત્ત્વપૂર્ણ ઔદ્યોગિક બંદર છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે, અમેરિકી દળોએ રવિવારે ઈરાન સામે હુમલાઓનો બીજો તબક્કો પૂર્ણ કર્યો, જેમાં ચોકસાઈવાળા દારૂગોળાથી ડઝનબંધ લક્ષ્યોને નિશાન બનાવવામાં આવ્યાં હતાં. જો કે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટ વાણિજ્યિક ટ્રાફિક માટે ખુલ્લો છે. ઈરાને અગાઉ જાહેરાત કરી હતી કે, એક જહાજ અમાન્ય માર્ગે મુસાફરી કરી રહ્યું હતું અને તેના પર હુમલો થયો હતો, જેના કારણે તેણે સ્ટ્રેટ બંધ કરી દીધો હતો. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે સોમવારે જણાવ્યું હતું કે, તેની નૌકાદળે ગઈકાલે રાત્રે હોર્મુઝ સ્ટ્રેટમાં બે જહાજને તેમની સિસ્ટમ બંધ કરીને રોક્યાં હતાં. જો કે, સામેલ જહાજોનાં નામ આપવામાં આવ્યાં નથી.

VNSGUમાં ધો.12 બાદ ડિજિટલ જર્નાલિઝમનો કોર્સ શરૂ કરાશે

ડિજિટલ જર્નાલિઝમ, પોડકાસ્ટિંગ, પીઆર અને મીડિયા મેનેજમેન્ટની પ્રેક્ટિકલ તાલીમ મળશે

સુરત: ડિજિટલ યુગમાં હવે મોબાઈલ જર્નાલિઝમ, સોશિયલ મીડિયા, પોડકાસ્ટિંગ અને મલ્ટીમીડિયા કન્ટેન્ટનું મહત્વ સતત વધી રહ્યું છે. આ બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધોરણ-12 પાસ વિદ્યાર્થીઓ તેમજ મીડિયા ક્ષેત્રે કાર્યરત કર્મચારીઓ માટે એક વર્ષીય સર્ટિફિકેટ પ્રોગ્રામ ઇન જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન શરૂ કરશે. કોર્સને યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલે મંજૂરી આપી છે.

યુનિવર્સિટીના આ નવા કોર્સનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકિયું જ્ઞાન પૂરું પાડવાનો નહીં, પરંતુ તેમને વર્તમાન મીડિયા ઉદ્યોગની જરૂરિયાતોને અનુરૂપ વ્યવહારુ તાલીમ આપવાનો છે. ઓછા ખર્ચે ઉપલબ્ધ આ કોર્સમાં થિયરી સાથે પ્રેક્ટિકલ અભ્યાસને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે, જેથી અભ્યાસ પૂર્ણ થતાં જ વિદ્યાર્થીઓ મીડિયા ક્ષેત્રમાં કારકિર્દી શરૂ કરવા માટે તૈયાર થઈ શકે.કોર્સમાં ડિજિટલ જર્નાલિઝમ, ન્યૂઝ રિપોર્ટિંગ, મલ્ટીમીડિયા કોમ્યુનિકેશન, બ્રોડકાસ્ટ જર્નાલિઝમ, પોડકાસ્ટિંગ, જનસંપર્ક, જાહેરાત, કોર્પોરેટ કોમ્યુનિકેશન, મીડિયા મેનેજમેન્ટ અને મીડિયા ઉદ્યોગસાહસિકતા જેવા સમયાનુકૂળ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપરાંત મીડિયા કાયદા, નૈતિકતા અને સમકાલીન મુદ્દાઓ અંગે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવશે.

કોર્સમાં શું ભણાવવામાં આવશે?

પ્રથમ સેમેસ્ટર
- ફન્ડામેન્ટલ્સ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન
- રિપોર્ટિંગ, રાઇટિંગ એન્ડ ડિજિટલ જર્નાલિઝમ
- મીડિયા પ્રોડક્શન એન્ડ મલ્ટીમીડિયા કોમ્યુનિકેશન
- પબ્લિક રિલેશન્સ, એડવર્ટાઇઝિંગ એન્ડ કોર્પોરેટ કોમ્યુનિકેશન
- મીડિયા લોઝ એન્ડ એથિક્સ
- પ્રેક્ટિકલ પ્રોજેક્ટ, પોર્ટફોલિયો અને ઇન્ટર્નશિપ

દ્વિતીય સેમેસ્ટર
- એડવાન્સ્ડ રિપોર્ટિંગ એન્ડ ડિજિટલ જર્નાલિઝમ
- બ્રોડકાસ્ટ જર્નાલિઝમ એન્ડ પોડકાસ્ટિંગ
- પબ્લિક રિલેશન્સ એન્ડ સ્ટ્રેટેજિક કોમ્યુનિકેશન
- એડવર્ટાઇઝિંગ, મીડિયા મેનેજમેન્ટ એન્ડ એન્ટરપ્રિન્યોરશિપ
- મીડિયા રિસર્ચ, એથિક્સ એન્ડ કન્ટેમ્પરરી ઇશ્યૂઝ
- પ્રેક્ટિકલ પ્રોજેક્ટ, પોર્ટફોલિયો અને ઇન્ટર્નશિપ

ચેક રિટર્નના સાત કેસમાં તાપી મિલના બે ડિરેક્ટર ભાઈને સજા

દેવામાં ડૂબેલી કંપનીના ડિરેક્ટર બનાવી તાપી મિલના રાજકુમાર ગર્ગ અને અશોકકુમાર ગર્ગે ૧.૫૦ કરોડ પડાવ્યા હતા

સચિન જીઆઈડીસી પોલીસમાં ફરિયાદ પણ થઈ હતી, જેમાં સમાધાન પેટે ચેક અપાયા હતા, જે રિટર્ન થયા હતા

સુરત: સચિન જીઆઈડીસીની તાપી પ્રોસેસર્સ પ્રા. લિ.ના બે ડિરેક્ટર્સને ચેક રિટર્નનાં સાત કેસમાં એક-એક વર્ષની કેદની સજા કોર્ટે ફટકારી હતી.

ફરિયાદી પલસાણા તાતીથૈયાની એમટીએસ ડાઈ કેમિકલ્સના આબા ગાયકવાડનો તાપી પ્રોસેસર્સ પ્રા. લિ.ના ડિરેક્ટર્સ રાજકુમાર હરિઓમ ગર્ગ તથા અશોકકુમાર હરિઓમ ગર્ગએ સંપર્ક કરી કંપનીના ૨૫% શેર હોલ્ડિંગ આપવાનો વિશ્વાસ આપી રૂા. ૧,૫૦,૦૦,૦૦૦ જેટલી રકમ મેળવી ફરિયાદીને કંપનીમાં ડિરેક્ટર બનાવ્યા હતા. પરંતુ ફરિયાદીને કંપની મોટા દેવામાં ડૂબી હોવાની જાણ થતા તાત્કાલિક ફરિયાદીએ કંપનીના ડિરેક્ટર તરીકે રાજીનામુ આપી આરોપી સહિતનાઓ સામે સચીન જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી,

જે દરમિયાનમાં ફરિયાદી તથા આરોપીઓ વચ્ચે રૂા. ૧,૩૫,૦૦,૦૦૦માં સમાધાન થતાં ફરિયાદીને કુલ્લે ૧૨ ચેક આપ્યાં હતાં. જે પૈકી આઠ ચેક રિટર્ન થતાં ફરિયાદીએ એડવોકેટ ધર્મેશ એમ. ગાંધી મારફતે આરોપી વિરૂધ્ધ જુદી જુદી ચેક રીટર્નની ફરિયાદ કરી હતી. જે પૈકી સાત કેસની સુનાવણી પૂર્ણ થતાં પલસાણા કોર્ટે બન્ને આરોપીને દરેક કેસમાં એક-એક વર્ષની સાદી કેદની સજા તથા ફરિયાદીને રીટર્ન ચેકોની કુલ રકમ રૂા.૮૦,૦૦,૦૦૦ વળતર તરીકે ચૂકવી આપવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં કંપનીને પણ દંડ કરવામાં આવ્યો હતો.

મહુવાની પૂર્ણા નદીના ચેકડેમમાં નાહવા પડેલો સુરતનો યુવાન ડૂબી ગયો

અનાવલ: સુરતના ગોડાદરા વિસ્તારની સાંઈનાથ સોસાયટીમાં રહેતો યશવીરસિંહ હરિકુમાર સિંહ (ઉં.વ.21) પોતાના મિત્રો સાથે મહુવાના મહુડીમાં પૂર્ણા નદીના ચેકડેમ પર ફરવા આવ્યો હતો. સોમવારે બપોરે આશરે 12 વાગ્યાના સમયે તે ચેકડેમમાં નાહવા માટે પાણીમાં ઊતર્યો હતો. દરમિયાન પગ લપસતાં તે ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. મિત્રો અને સ્થાનિકોએ બચાવના પ્રયાસો કર્યા હતા, પરંતુ પાણીના વધુ પ્રવાહને કારણે સફળતા મળી નહોતી. ઘટનાની જાણ થતાં 108 એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી. યુવકને બહાર કાઢી સારવાર માટે ખસેડાયો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. મહુવા પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. અકસ્માતે મોતનો ગુનો નોંધી સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ટ્રોલી બેગમાં મહિલાનો મૃતદેહ કેસ હત્યારાની જામીન અરજી ફગાવાઈ

સુરત: કોસંબા પોલીસ સ્ટેશને નોંધાયેલાં હત્યા કેસના આરોપી રવિકુમાર ચંદ્રેશ્વર શર્માની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. આરોપી અને મૃતક મહિલા કોસંબા પોલીસ સ્ટેશનની હદમાં સાથે રહેતાં હતાં. લગ્ન કરવા બાબતે બંન્ને વચ્ચે ઝઘડો થતાં આરોપી રવિએ મહિલાનું ગળુ દબાવી હત્યા કરી હતી અને લાશને ટ્રોલી બેગમાં ભરીને ખાડામાં નાંખી પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યાનો ગુનો કર્યો હતો. આરોપીની જામીન અરજી સામે સરકારી વકીલ ઉમેશ પાટીલે તપાસ અધિકારીનું સોંગદનામુ રજૂ કરી જામીન અરજી રદ કરવા વિનંતી કરી હતી.

નવસારી જિલ્લાની નિકાસ ક્ષમતાને વધારવા મંત્રાની સેવા લેવામાં આવશે

મંત્રાના નિષ્ણાતોએ પાંચ વર્ષીય યોજનાનો રોડમેપ રજૂ કર્યો

સુરત: નવસારી જિલ્લાને નિકાસ ક્ષેત્રે વધુ સશક્ત બનાવવા અને જિલ્લાના નિકાસક્ષમ ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય બજારમાં નવી ઓળખ અપાવવા જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને ડિસ્ટ્રિક્ટ એક્સપોર્ટ એક્શન પ્લાન ફોર એક્સપોર્ટ ઓગમેન્ટેશન ફ્રોમ નવસારી ડિસ્ટ્રિક્ટ (ગુજરાત) વિષયક બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા સ્તરે નિકાસમાં વધારો કરવા માટે કૃષિ, ટેક્સટાઈલ અને જેમ્સ એન્ડ જ્વેલરી સહિતના વિવિધ ક્ષેત્રોમાં રહેલી તકો અને પડકારો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન નવસારી જિલ્લાના કૃષિ આધારિત ઉત્પાદનોમાં કેરી, ચીકુ સહિતનાં ફળોની નિકાસ વધારવા ઉપરાંત ટેક્સટાઈલ અને જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રમાં રહેલી સંભાવનાઓનો લાભ કેવી રીતે મેળવી શકાય તે અંગે વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં મંત્રાના ડિરેક્ટર ડૉ. પંકજ ગાંધી અને ડેપ્યુટી ડિરેક્ટર ડૉ. હિતેશ જરીવાલાએ જિલ્લા નિકાસ વધારવા માટે હાથ ધરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓની સમીક્ષા દરમિયાન મહત્વપૂર્ણ સૂચનો રજૂ કર્યાં હતાં. જિલ્લા આધારિત નિકાસ વિકાસ યોજનાઓના અસરકારક અમલીકરણ અને દેશના વિવિધ જિલ્લાઓમાં નિકાસ હબ વિકસાવવાના પ્રયાસોને વધુ ગતિ આપવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ડીજીએફટીના અધિકારીઓ તેમજ વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામે સંકલિત પ્રયાસો દ્વારા નવસારી જિલ્લાને નિકાસ ક્ષેત્રે નવી ઊંચાઈએ પહોંચાડવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

M.E.ની થિસિસમાં 30%થી વધુ સમાનતા હશે તો તે નામંજૂર કરાશે

કોપી પેસ્ટને નહીં ચલાવવાનો GTUનો કડક નિર્ણય: સમયસર સબમિશન અને ટર્નિટિન ચેકિંગ ફરજિયાત

પ્રી-વાઇવા પહેલાં સોફ્ટ કોપી અપલોડ કરવી પડશે

યુનિવર્સિટીએ હવે સમગ્ર પ્રક્રિયાને વધુ પારદર્શક અને ડિજિટલ બનાવવાનો નિર્ણય લીધો છે. તેના ભાગરૂપે વિદ્યાર્થીઓએ પ્રી-વાઇવા પહેલાં પોતાની થિસિસની સોફ્ટ કોપી GTUના પોર્ટલ પર અપલોડ કરવી ફરજિયાત રહેશે. આ પ્રક્રિયાના આધારે જ આગળનું મૂલ્યાંકન કરવામાં આવશે.

સમયસર સબમિશન નહીં તો વાઇવામાં તક નહીં

નવી ગાઇડલાઇન્સમાં સમયમર્યાદાને પણ વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. જો કોઈ વિદ્યાર્થી નિર્ધારિત સમયમર્યાદામાં થિસિસ સબમિટ નહીં કરે તો તેને ડિસર્ટેશનના અંતિમ મૂલ્યાંકન (DP-II) તેમજ ફાઇનલ વાઇવામાં સામેલ થવાની મંજૂરી મળશે નહીં. એટલે વિદ્યાર્થીઓએ સમયસર તમામ પ્રક્રિયા પૂર્ણ કરવી અનિવાર્ય બનશે.

સુરત: માસ્ટર ઓફ એન્જિનિયરિંગ (M.E.)નો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે હવે ડિસર્ટેશન થિસિસ તૈયાર કરવાનું કામ વધુ જવાબદારીભર્યું બનશે. ગુજરાત ટેક્નોલોજિક્લ યુનિવર્સિટી (GTU)એ વર્ષ 2026 માટે ડિસર્ટેશન થિસિસ અંગે નવી અને વધુ કડક ગાઇડલાઇન્સ જાહેર કરી છે. નવી ગાઇડલાઇન્સ મુજબ હવે વિદ્યાર્થીઓએ તૈયાર કરેલી થિસિસમાં 30 ટકાથી વધુ સમાનતા જોવા મળશે તો યુનિવર્સિટી તે થિસિસને સ્વીકારશે નહીં. એટલે કે અન્ય સંશોધન, પુસ્તકો, જર્નલ અથવા ઓનલાઈન સ્ત્રોતોમાંથી મોટા પ્રમાણમાં કોપી-પેસ્ટ કરેલી સામગ્રી હવે માન્ય ગણાશે નહીં. દરેક વિદ્યાર્થીએ પોતાની થિસિસનું ટર્નિટિન સોફ્ટવેર દ્વારા પ્લેજિયરિઝમ ચેકિંગ કરાવવું ફરજિયાત રહેશે. આ સોફ્ટવેર થિસિસમાં રહેલી સામગ્રીની વૈશ્વિક ડેટાબેઝ સાથે સરખામણી કરીને સમાનતાનો અહેવાલ તૈયાર કરે છે. જો ભવિષ્યમાં કોઈ થિસિસમાં સાહિત્યચોરી અંગે ફરિયાદ થશે અને તપાસમાં તે સાચી સાબિત થશે તો વિદ્યાર્થી સાથે માર્ગદર્શક પણ જવાબદાર ગણાશે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

ખાડીપૂરના કાયમી...

હતું કે, ટૂંકાગાળામાં અમલમાં મૂકી શકાય તેવી કામગીરીને પ્રાથમિકતા આપવામાં આવશે અને સમગ્ર યોજના માટે રાજ્ય સરકાર તરફથી જરૂરી તમામ સહયોગ તેમજ સતત મોનિટરિંગ કરવામાં આવશે.

આગામી સપ્તાહે...

શકે છે. ખાસ કરીને 16 જુલાઈથી 23-24 જુલાઈ દરમિયાન નિયમિત અને સામાન્ય વરસાદી માહોલ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જોકે ક્યાંક ક્યાંક હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડી શકે છે, પરંતુ વ્યાપક અથવા અતિભારે વરસાદની શક્યતા હાલ દેખાતી નથી. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર હાલ કોઈ મજબૂત વરસાદી સિસ્ટમ સક્રિય ન હોવાથી વરસાદની તીવ્રતા મર્યાદિત રહેશે. તેમ છતાં ચોમાસાની ઋતુને અનુરૂપ વાદળછાયું વાતાવરણ અને વચ્ચે વચ્ચે વરસાદી ઝાપટાં ચાલુ રહે તેવી સંભાવના છે.

નિરીક્ષણ માટે...

વિસ્તાર ખાતે જાહેરહિતના પ્રશ્નના નિરાકરણ માટે સવારે ૧૦:૦૦ વાગ્યે સ્થળ નિરીક્ષણનો મહત્વપૂર્ણ કાર્યક્રમ રાખ્યો હતો. આ સ્થળ નિરીક્ષણ માટે સંબંધિત રેલવે અધિકારીઓ દ્વારા જ સમય નક્કી કરવામાં આવ્યો હતો અને સાંસદને પણ નિર્ધારિત સમયે હાજર રહેવા જણાવવામાં આવ્યું હતું. પરંતુ જ્યારે સાંસદ પોતાના સમયપત્રક મુજબ ચોક્કસ સમયે સ્થળ પર પહોંચ્યા, ત્યારે રેલવે વિભાગ તરફથી એકપણ જવાબદાર અધિકારી ત્યાં હાજર રહ્યા નહોતા. કોઈપણ પ્રકારની પૂર્વ જાણ કર્યા વિના અધિકારીઓની આ પ્રકારની ગેરહાજરીને સાંસદ મુકેશભાઈ દલાલે ગંભીર વહીવટી બેદરકારી તેમજ સાંસદના પ્રોટોકોલનો સ્પષ્ટ ભંગ ગણાવ્યો છે. જાહેરહિત અને લોકપ્રશ્નો અંગે યોજાયેલી આ બેઠકમાં અધિકારીઓનું આવું વલણ લોકશાહી પ્રણાલી અને જનપ્રતિનિધિનું અનાદર સમાન છે. આ ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈને સાંસદ મુકેશભાઈ દલાલે તાત્કાલિક અસરથી કેન્દ્રીય રેલવે મંત્રીને પત્ર પાઠવ્યો છે. આ પત્રમાં તેમણે સમગ્ર ઘટનાની તટસ્થ તપાસ કરાવવાની અને નિષ્કાળજી દાખવનારા સંબંધિત અધિકારીઓ સામે કડક શિસ્તભંગની કાર્યવાહી કરવાની માંગ કરી છે. આ સાથે જ આ મામલે કરવામાં આવેલી તપાસ અને પગલાં અંગેનો 'એક્શન ટેકન રિપોર્ટ' (ATR) પણ વહેલી તકે મોકલવા વિનંતી કરી છે.સાંસદ મુકેશભાઈ દલાલે અસંતોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે જાહેરહિતના વિકાસકાર્યો તેમજ લોકોની સમસ્યાઓના ઉકેલમાં અધિકારીઓની બેદરકારી કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાય નહીં. જનપ્રતિનિધિઓ સાથે યોગ્ય સંકલન જાળવીને સમયસર કામગીરી થાય અને ભવિષ્યમાં આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે જવાબદારો સામે દાખલારૂપ પગલાં લેવા અનિવાર્ય છે.

ગરનાળા વિસ્તારમાં...

ચર્ચા કરવામાં આવી હતી અને કામગીરીને ઝડપથી આગળ વધારવા માટે જરૂરી તકનીકી તેમજ વહીવટી પ્રક્રિયાઓ અંગે વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. પ્રશ્નના કાયમી અને જનહિતલક્ષી નિરાકરણ માટે જરૂરી રેલવે મંજૂરી વહેલી તકે પ્રાપ્ત થાય તે માટે સંબંધિત ઉચ્ચ કક્ષાએ અસરકારક રજૂઆત કરવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી. સ્થાનિક નાગરિકોને લાંબા સમયથી પડતી સમસ્યાનો વહેલી તકે ઉકેલ આવે તે માટે તમામ વિભાગો વચ્ચે સંકલન સાધી કામગીરી આગળ વધારવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો.

વરસાદમાં ધોવાણથી...

અને નદીમાં પાણીનો પ્રવાહ વધશે તો ધોવાણ વધુ અંદર સુધી પહોંચવાની શક્યતા છે, જેનાથી નજીકના રહેણાક પ્રોજેક્ટો અને વસાહતો માટે ગંભીર જોખમ ઊભું થઈ શકે છે.તાપી નદી અને તેના સંરક્ષણ પાળાની જાળવણીની જવાબદારી રાજ્ય સરકારના સિંચાઈ વિભાગની છે. જોકે, વિભાગની નિષ્ક્રિયતાને કારણે હાલ મહાનગરપાલિકા માત્ર કામચલાઉ પૂરાણ કરીને ધોવાણ અટકાવવાનો પ્રયાસ કરી રહી છે, જે કાયમી ઉકેલ માનવામાં આવતો નથી. સ્થાનિકોમાં સરકાર અને સિંચાઈ વિભાગ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વર્ષ 2006ના વિનાશક પૂર અને તાજેતરના ખાડીપૂર બાદ પણ જો કાયમી સંરક્ષણના પગલાં લેવામાં નહીં આવે તો આગામી ચોમાસામાં મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

એક કે બે...

ચૂકવવામાં અસમર્થતા દર્શાવતા આરોપીઓએ રૂ.1-1 લાખના ત્રણ હપ્તામાં રકમ ચૂકવવાનું કહ્યું હતું. ફરિયાદી લાંચ આપવા ઇચ્છતા ન હોવાથી તેમણે ACBનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે મંગળવારે પાનોલી પોલીસ સ્ટેશન સામે આવેલા કન્ટેનરમાં આવેલી 'ડી' સ્ટાફની ચેમ્બરમાં ટ્રેપ ગોઠવવામાં આવી હતી, જ્યાં આરોપીઓ લાંચની રકમ સ્વીકારતા ઝડપાઇ ગયા હતા. સમગ્ર કામગીરીનું સુપરવિઝન ઈનચાર્જ મદદનીશ નિયામક એ.એન.પ્રજાપતિ અને ઈનચાર્જ નાયબ નિયામક આર.આર.ચૌધરીએ સંભાળ્યું હતું.

સુમુલ ડેરીમાં...

સમર્થિત ઉમેદવારો, કોંગ્રેસ પ્રેરિત પશુપાલક હિતરક્ષક પેનલ અને ભાજપના બળવાખોર ઉમેદવારો વચ્ચેનો જંગ અત્યંત રસપ્રદ બન્યો છે. બિનહરીફ ચૂંટાયેલા ઉમેદવારોમાં ધારાસભ્ય સંદીપ દેસાઈ, પૂર્વ ચેરમેન રાજેશ ઉર્ફે રાજુ પાઠક, બળવંત પટેલ, ભરતસિંહ સોલંકી, અજીત પટેલ, જાલમસિંહ વસાવા અને રાજકુમાર આહિરનો સમાવેશ થાય છે. તેથી હવે સમગ્ર રાજકીય નજર બાકીની 9 બેઠકોના પરિણામો પર કેન્દ્રિત થઈ છે.

નિઝર, સોનગઢ, વ્યારા, મહુવા અને ઓલપાડ બેઠકો પર ચૂંટણીનો સૌથી વધુ રસાકસીભર્યો માહોલ જોવા મળી રહ્યો છે. ઓલપાડ, મહુવા, કુકરમુંડા, ડોલવણ અને નિઝર બેઠકો પર ભાજપના બળવાખોર ઉમેદવારો મેદાનમાં હોવાથી ચૂંટણી વધુ રોચક બની છે. વ્યારા અને મહુવા બેઠકો પર ચાર-ચાર ઉમેદવારો મેદાનમાં છે, જ્યારે કુકરમુંડામાં ત્રિકોણીય મુકાબલો સર્જાયો છે. અન્ય બેઠકો પર ભાજપ અને કોંગ્રેસ સમર્થિત ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર છે. કુલ 9 બેઠકો માટે 21 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. ચૂંટણી પહેલાં ઉમેદવારો દ્વારા નિયુક્ત મતદારોને પોતાના પક્ષે આકર્ષવા માટે 'ડિનર ડિપ્લોમસી' પણ ચર્ચાનો વિષય બની છે. બપોર અને રાત્રિના ભોજનના કાર્યક્રમો યોજી મતદારોને રીઝવવાના પ્રયાસો ચાલી રહ્યા હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

આ ચૂંટણીમાં કુલ 710 મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. તેમાં સોનગઢ બેઠકમાં સૌથી વધુ 176 મતદારો છે. ત્યારબાદ માંડવીમાં 129, વ્યારામાં 80, મહુવામાં 65, ઉમરપાડામાં 61, ડોલવણમાં 53, નિઝરમાં 51, કુકરમુંડામાં 43 અને ઓલપાડમાં 42 મતદારો નોંધાયેલા છે. સુરત અને તાપી જિલ્લાના અંદાજે 2.50 લાખ પશુપાલકો સાથે જોડાયેલી અને આશરે રૂ.6,600 કરોડના ટર્નઓવર ધરાવતી સુમુલ ડેરીની આ ચૂંટણીમાં હવે સૌથી મોટી ચર્ચા એ છે કે વિપક્ષ પોતાનું અસ્તિત્વ જાળવી શકશે કે નહીં અને ભાજપના બળવાખોર ઉમેદવારો કેટલો પ્રભાવ પાડી શકશે. આજે સવારે 9થી સાંજે 4 વાગ્યા સુધી તાલુકા મથકો પર મતદાન યોજાશે, જેના પરિણામો પર સમગ્ર સહકારી ક્ષેત્રની નજર મંડાઈ છે.

કઈ બેઠક...

ડિરેક્ટર સંજય સૂર્યવંશી સામે ભાજપના બળવાખોર મણિલાલ પુનાભાઈ પટેલે ઉમેદવારી કરી છે.અહીં કોંગ્રેસ તરફે ઇન્દ્રસિંગ આતરિયાભાઈ વસાવા એ ઉમેદવારી કરી છે.

(7) સોનગઢ: ભાજપના સીટીંગ ડિરેક્ટર કાંતિભાઈ ગામિત ફરી મેદાને છે.અહીં કોંગ્રેસના દિનેશ નારણ ગામિત,આમ આદમી પાર્ટીના અરવિંદ ગામિત,અપક્ષ રાકેશ બાબુભાઈ ગામિત અને મકનજી ઉકડીયા ગામિત મેદાનમાં છે.

(8) ઉમરપાડા : ભાજપના સત્તાવાર ઉમેદવાર અમીષ મણિલાલ વસાવા સામે કોંગ્રેસના સોમજીભાઈ કોટિયાભાઈ વસાવા વચ્ચે સીધો જંગ છે.

(9) માંડવી: ભાજપના સીટિંગ ડિરેક્ટર રેસાભાઈ ચૌધરી સામે કોંગ્રેસના રાકેશ મંગાભાઈ ચૌધરી વચ્ચે સીધી ટક્કર છે.

ખુદ વકીલે...

વેદાંતવિલા ઉમિયા ચોક ડીંડોલી સુરત મુળવતન ગામ.રનોડા તા.પોળકા જી.અમદાવાદ) ને રોક્યો હતો. જોકે, કાયદાના આ રક્ષકે માસૂમ બાળકી પર જ નજર બગાડી હતી. આરોપી વકીલ સગીરાને નોકરીની લાલચ આપી અને કેસ બગાડી નાખવાની ધમકી આપી પોતાના ઘરે લઈ ગયો હતો. ત્યાં સગીરાને ડરાવી-ધમકાવી, માર મારી, જબરજસ્તીથી શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચરી મુખ મૈથુન કરાવ્યું હતું. આ અંગે બાળકીના પિતાએ ગઈકાલે સચીન જીઆઈડીસી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ગઈકાલ તા. ૧૩/૦૭/૨૦૨૬ ના રોજ ફરિયાદ નોંધાવતા પોલીસ એક્શનમાં આવી હતી. પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ તથા પોક્સો એક્ટની કલમ મુજબ ગુનો નોંધી વકીલ પ્રણયરાજ રણવીરની ધરપકડ કરી હતી.

PM મિત્રા પાર્ક માટે GIDCએ આખરે માસ્ટર ડેવલપર શોધવા ટેન્ડર ઈશ્યુ કર્યું

1,142 એકર જમીનમાં 2,744.77 કરોડ અંદાજિત પ્રોજેક્ટ ખર્ચ માટે ખાનગી ડેવલપર્સ મેદાનમાં આવે એવી શક્યતા

PM મિત્રા પાર્ક: જમીનનો ઉપયોગ કેવી રીતે થશે?

» કુલ વિસ્તાર 1,142 એકર » અંદાજિત પ્રોજેક્ટ ખર્ચ 2,744.77 કરોડ » કન્સેશન અવધિ 50 વર્ષ » બાંધકામ સમય 5 વર્ષનો રાખવામાં આવ્યો છે. એ માટે બિડ સિક્યોરિટી 27.44 કરોડ નક્કી કરવામાં આવી છે. » ઔદ્યોગિક ઝોન 582.67 એકર (51.02%) » લોજિસ્ટિક્સ અને વેરહાઉસ 18.99 એકર (1.66%) » કોમર્શિયલ વિસ્તાર 114.20 એકર (10%) » રહેણાક વિસ્તાર 12.36 એકર (1.08%) » રોડ નેટવર્ક 163.28 એકર (14.30%) » ગ્રીન સ્પેસ » 165.06 એકર (14.45%) » અન્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર 49.58 એકર (4.34%) » ફિઝિકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર 26.38 એકર (2.31%) » CETP 15 એકર » TSDF 9.79 એકર » વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ 16.84 એકર

સુરત: નવસારી વાંસી બોરસી PM મિત્રા પાર્ક માટે માસ્ટર ડેવલોપર્સ બનવા માટે પ્રથમ તબક્કામાં કોઈ કંપનીએ રસ નહીં દાખવતાં હવે GIDCએ માસ્ટર ડેવલપર શોધવા ટેન્ડર ઈશ્યુ કર્યું છે. 1,142 એકર જમીનમાં 2,744.77 કરોડ અંદાજિત પ્રોજેક્ટ ખર્ચ માટે ખાનગી ડેવલપર્સ મેદાનમાં આવે એવી શક્યતા જોવાઈ રહી છે. જાહેર કરાયેલા ટેન્ડર મુજબ વાંસી ખાતે આશરે 1,142 એકર વિસ્તારમાં ગ્રીનફિલ્ડ મેગા ટેક્સટાઈલ અને એપેરલ પાર્ક વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટનું અમલીકરણ ડિઝાઈન, બિલ્ડ, ફાઈનાન્સ, ઓપરેટ અને ટ્રાન્સફર (DBFOT) આધારિત પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) મોડલ હેઠળ કરવામાં આવશે. પસંદ થનારા માસ્ટર ડેવલપરને પાર્કના વિકાસ ઉપરાંત સંચાલન અને જાળવણીની જવાબદારી પણ સોંપવામાં આવશે.

1142 એકરના આ મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટમાં કુલ જમીનમાંથી માત્ર 51.02 ટકા વિસ્તાર જ સીધા ઔદ્યોગિક ઉપયોગ માટે ફાળવવામાં આવ્યો છે, જ્યારે 10 ટકા જમી